રે.દી.મુ. ૦૪/૨૦૨૫

**<u>:: આંક– ૫ હેઠળ હુકમ ::</u>**

**(૧)** સદરહુ કામે વાદીએ રજુ કરેલ આંક–૫ ની મનાઈ અરજી, દાવાઅરજી, તથા રજુ થયેલ નિશાની ૪/૧ થી ૪/૦૭ સુધીના દસ્તાવેજી પુરાવા વંચાણે લીધા, આ કામે પ્રતીવાદીને નોટીસ કરતા પ્રતીવાદીને નોટીસ બજી ગયેલ છે, પ્રતિવાદી આંક –૧૨ થી રજુ થયેલ જવાબ વંચાણે લીધો તથા વાદીના વકીલશ્રીની દલીલો સાંભળી . તેમજ પ્રતિવાદી તરફે આંક–૧૪ થી લેખીત દલીલ રજુ કરેલ છે જે વંચાણે લીધી.

**(૨)** વાદીએ હાલનો દાવો દાખલ કરી એવો કામચલાઉ મનાઈ હુકમ માંગેલ છે કે, દાવા અરજીના પેરા નં–5માં જણાવેલ દાવાવાળી મિલકતો વાદીની માલીકીના રહેણાંક મકાન આવેલા છે. તે મકાનની આગળ વાદીઓના સંડાસ–બાથરૂમ અને મંદિર આવેલા છે. તે સંડાસ–બાથરૂમ તાથ મંદિરના વપરાશના સુખાધિકારમાં પ્રતિવાદી હરકત હેલો કરે નહી તેવો દાવો ચાલતા સુધીનો કામચલાઉં મનાઈ હુકમ દાવાના આખરી નિકાલ થતા સુધી ફરમાવવા મેહ. કરશોજી તેવી દાદ આ કામના પ્રતિવાદી સામે હાલની કામચલાઉ મનાઈહુકમની અરજીમાં માંગેલ છે.

**(3)** ઉપરોકત સમગ્ર હકીકત ધ્યાને લેતા આ અરજીના નિર્ણય સારું મારી સમક્ષ નીચે મુજબના મુદ્દાઓ ઉપસ્થિત થાય છે.

**મુદાઓ**

(૧) શું વાદીનો પ્રથમ દર્શનીય કેસ છે ?

(૨) શું બેલેન્સ ઓફ કન્વીનીયન્સ વાદીની તરફેણમાં છે ?

(૩) શું વાદીને નાણાથી બદલો ન વાળી શકાય તેવું નુકશાન થવાનો સંભવ છે ?

(૪) શું હુકમ ?

(૪) ઉપરોકત મુદાઓ પરત્વેના મારા નિર્ણય નીચે મુજબ છે.

૧. નકારમાં

૨. નકારમાં

૩. નકારમાં

૪. આખરી હુકમ મુજબ.

(૫) ઉપરોક્ત નિર્ણયો પરત્વેના મારા કારણો નીચે મુજબ છે.

**<u>કારણો</u>**

મુદા નં. ૧ થી ૩ એકબીજા સાથે સંકળાયેલા હોઈ સરળતા ખાતર ત્રણેયની ચર્ચા એક સાથે કરવામાં આવેલ છે. પક્ષકારો તરફે રજુ થયેલ દસ્તાવેજો વંચાણે લેતા જણાઈ આવે છે કે દાવા અરજીના પેરા–5 માં જણાવેલ મિલકતના માલિક તેમજ કબજે દાર આ કામના વાદીઓ છે તેમજ વાદીઓના મકાનની આગળ તકરારી રસ્તો આવેલ છે. જે રસ્તા અંગે આ કામના પ્રતિવાદીએ રે.દિ.મુ.નં.૭૨/૨૦૧૪ ના કામે વાદીઓ તથા અન્ય પક્ષકાર સોલંકી રેવાભાઈ રામજીભાઈ તેમજ સેનમા બળદેવભાઈ મફાભાઈ વિરુધ્ધ હુકમ મેળવેલ છે તે હુકમને આધારે પ્રતિવાદીએ હુકમનામાની અમલવાળી સારુ દિ.દ.નં.૧૩/૨૦૨૧ દાખલ કરેલ છે. જે દરખાસ્તની અમલવાળી અટકાવવા વાદીએ હાલનો દાવો દાખલ કરેલાની તકરાર પ્રતિવાદીએ લીધેલ છે. તે અંગે પક્ષકારોના પ્લિડીંગ તથા રજુ કરેલ દસ્તાવેજ તેમજ કોર્ટ કમિશ્નર રૂબરૂનુ પંચનામુ તેમજ નકશો વંચાણે લીધો. વાદી તર્ફે રજુ થયેલ માર્ક ૧૧/૧ વાળો દસ્તાવેજ જોતાં જણાઈ આવે છે કે વાદીના ઘરની આગળનો કોમન રસ્તો ૨૦ ફુટ પહોળો આવેલ છે પરંતુ માર્ક ૯/૧ વાળુ પંચનામુ જોતા વાદીના ઘરની આગળના કોમન રસ્તાની પહોળાઈ આશરે ૧૩ ફુટ જેટલી છે. તેમજ માર્ક ૧૩/૧ વાળો હુકમ વંચાણે લેતાં હાલના વાદી વિરુધ્ધ દાવાઅરજીમાં જણાવેલ તકરારી રસ્તા

અંગે ન્યાયિક નિર્ણય થઈ ગયેલ છે તેથી હાલના વાદીઓનો પ્રથમ દર્શનિય કેસ જણાઈ આવતો નથી. તેમજ હાલના વાદીઓએ તેમની દાવાઅરજીમાં એ હકીકત છુપાવેલ છે કે દિ.મુ.નં.૭૨/૧૪ ના કામે તેમની વિરુધ્ધ હુકમનામુ થયેલ છે તેથી વાદી ચોખ્ખા હાથે કોર્ટ રૂબરૂ આવેલ નથી અને જો વાદીએ માંગ્યા મુજબનો મનાઈ હુકમ આપવમાં આવે તો પ્રતિવાદીને નાણાંમાં ભરપાઈ ન થઈ શકે તેવુ નુકસાન થવાની સંભાવના રહેલી છે. તેથી લેણ દેણની તુલા વાદીના લાભમાં જણાતી નથી તેથી મુદા નં. ૧ થી ૩ નો જવાબ નકારમાં આપી મુદા નં.૪ પરત્વે ન્યાયનાહિતમાં નીચે મુજબનો હુકમ ફરમાવવામાં આવે છે.

## હુકમ

- વાદીની **આંક–૫** ની અરજી **નામંજુર** કરવામાં આવે છે
- અરજીનો ખર્ચ દાવાના આખરી પરિણામને અનુસરશે.

આ હુકમ આજ તારીખ ૧૪ માહે–ફેબ્રુઆરી**,**સને–૨૦૨ ૫ ના રોજ ખુલી અદાલતમાં વાંચી સંભળાવી જાહેર કર્યો.

વિજાપુર
તા.૧૪/૦૨/૨૦૨૫

**(એસ.એસ. અજમેરી)**
એડી.સિવિલ જજ અને જ્યું.મેજી.ફ.ક.
વિજાપુર
જિજે૦૧૫૨૫